**MCB-001-014106** Seat No. ________

# M. A. (Sem. I) (CBCS) Examination

**December – 2016**

## Sanskrit : Paper-ICT-01

***(Functional Sanskrit & its Cultural Aspects)***

***(Old Course)***

**Faculty Code : 001**

**Subject Code : 014106**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

૧ સંસ્કૃતભાષાના ઉદ્‌ભવની રૂપરેખા આપો. ૧૪

1 Give outline of origin of Sanskrit language. 14

**અથવા/OR**

૧ આર્ષ સંસ્કૃતિમાં સંસ્કૃત ભાષાનું યોગદાન ચર્ચો. ૧૪

1 Discuss the contribution of Sanskrit language in Arsha civilization. 14

૨ મુખ્ય વ્યંજન સંધિઓ ઉદાહરણ સાથે સમજાવો. ૧૪

2 Explain main व्यञ्जनसन्धयः with example. 14

**અથવા/OR**

૨ મુખ્ય સ્વર સંધિઓ ઉદાહરણ સાથે સમજાવો. ૧૪

2 Explain main स्वरसन्धयः with example. 14

૩ મુખ્ય પ્રકારો સહિત બહુવ્રીહિ સમાસ સમજાવો. ૧૪

3 Explain 'बहुव्रीहिसमास' with main types. 14

**અથવા/OR**

૩ પંચમી વિભક્તિના ઉપયોગો સોદાહરણ ચર્ચો. ૧૪

3 Discuss with illustrations the uses of पञ्चमीविभक्ति (Ablative case). 14

૪ નીચેનામાંથી કોઈપણ **બે** પરિચ્છેદોનો સંસ્કૃતમાં અનુવાદ કરો : **૧૪**

**4** Translate any **two** of the following paragraphs in Sanskrit : **14**

(૧) પ્રાચીન કાળમાં નચિકેતા નામે એક પ્રામાણિક છોકરો હતો. એના પિતા યજ્ઞમાં બ્રાહ્મણોને ઘરડી ગાયો દાનમાં આપતા હતા. એ જોઈને નચિકેતાને થયું કે પિતાજી નકામી થઈ ગયેલી વસ્તુઓનું દાન કરે છે, પણ પોતાને વહાલી એવી એક પણ ચીજ આપતા નથી, અને તે સિવાય તે યજ્ઞ શેનો કર્યો કહેવાય ? તેથી તેણે પિતાને કહ્યું, ''પિતાજી, તમે નકામી નકામી વસ્તુઓનું દાન કરો છો. પરંતુ એક પણ વહાલી વસ્તુ કોઈને આપતા નથી.''

(1) In ancient times there was an honest boy नचिकेतस् by name. His father was giving away in charity old cows to the Brahmins. Seeing this नचिकेतस् thought my father gives away useless things, but does not give a single thing dear to him. And without that, how can the sacrifice be said to have been done ? So he said to his father, "Father, you are giving away Useless things but are not giving dear things to anyone."

(૨) માનવ જીવનમાં અનેક જંજાળો છે, સંઘર્ષો છે, વિપત્તિઓ છે, વિસંવાદો છે, વિષમતાઓ છે, સુખદુઃખ, રાગદ્વેષ, પ્રકાશ, અંધકાર વગેરેનાં અનેક વિરોધી દ્વન્દ્વો છે. ટૂંકમાં આપણું જીવન ક્લેશમય છે વળી ચિત્ત ચંચળ છે, મનોવૃત્તિ વિક્ષિપ્ત છે, ઈન્દ્રિયો બહિર્મુખ છે, આ પ્રકારની અસંખ્ય પ્રતિકૂળતાઓ કારણે જીવન નાટક આપણી સમક્ષ અને આગળ પાછળ સર્વત્ર ભજવાતું હોવા છતાં, એના હાર્દમાં રહેલા ઈશ્વરતત્ત્વ સાથે તાદાત્મ્ય સાધી શકાતું નથી.

(2) There are many wordly troubles, frictions, calamites, incongruities, inequalities in human life, There are mutually opposite pairs of happiness and sorrow, love and hatred, light and darkness etc. In short our life is troublesome more over mind is fickle, emotions are unsteadily and senses are extrovert. Because of such numberless adversities, we can not be one with godliness which is in the centre of life drama which is enacted always before and behind us and every where.

(૩) હિંદની સંસ્કૃતિની એક ખૂબી એ છે કે તેના તહેવારોમાં તેણે લોકજીવનની ધર્મ ભાવના, સામાજિક ભાવના, સૌંદર્ય ભાવના અને ભૌગોલિક ભાવના ગૂંથી લીધી છે. પર્વો સમાજ જીવનના મુખ્ય વિભાગોને આવરી લે છે, ઋતુચક્રના બે વિભાગોની સંક્રાન્તિને સાંકળી લે છે. લોકોમાં સૌંદર્યનું આપૂરણ કરે છે. ઐતિહાસિક કે ધાર્મિક મહાપુરૂષોના જીવનચરિત્રને સતત લોકમાનસની દૃષ્ટિ સમક્ષ ઉપસ્થિત રાખે છે.

(3) One of the merits of the Indian culture is that it has knitted religious conception social conception, conception of beauty and geographical conception of folk-life in the festivals. The festivals cover the main streams of social life, intermingles transgressing of two parts of seasonal cycle, fills up the people with the idea of beauty. It presents the character – sketch of great historical or religious personalities continuously before the mental eyes of the people.

(૪) એકવાર દિલીપ રાજા સુદક્ષિણા સાથે વસિષ્ઠ ઋષિના આશ્રમે ગયા. તેમણે અને સુદક્ષિણાએ વસિષ્ઠ તથા અરુન્ધતીને પ્રણામ કર્યા. વસિષ્ઠે દિલીપને પૂછ્યું, – 'કુશળ છો ને ?' તેણે કહ્યું, 'ગુરુદેવ ! બધું કુશળ તો છે, પણ હૃદયમાં અપુત્રતાનું દુઃખ છે.' વસિષ્ઠે કહ્યું – 'આ કામધેનુની સેવા કર. તેની કૃપાથી તને પુત્ર થશે.'

(4) Once king Dilip went to Rishi Vasishtha's hermitage with Sudaksina. He and Sudaksina bowed down at Vasistha and Arundhati. Vasistha asked Dilip, 'Are you well ?' Dilip said, – 'Gurudev ! everything is well, but at heart a pain is there for lack of a son.' Vasistha said, 'serve this Kamadhenu, by her grace you will have a son'.

૫ નીચેનામાંથી કોઈપણ **બે** પર ટૂંકનોંધ લખો : ૧૪

5 Write short notes on any **two** of the following : 14

(૧) गण विभाजनम् ।

(૨) कर्मधारय समासः ।

(૩) अस्मद् – शब्दस्य रूपाणि ।

(૪) नदी – शब्दस्य रूपाणि ।